| | | |
|---|---|---|
| GJSR120011742014 | | ફોજદારી કેસ નં.૧૧૫૨/૨૦૧૪<br>શ્રી સરકાર<br>વિ.<br>મેવાલાલ ગોજીલાલ વિગેરે |

FORM-A

| મહે. કઠોરના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કઠોર | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ :: | **૧૮/૦૭/૨૦૨૬** | |
| ક્રિમીનલ કેસ નંબર :: | **૧૧૫૨/૨૦૧૪** | **આંક ::** |
| ગુનાની વિગત | | |
| એફ.આઈ.આર.ની વિગત :: | કામરેજ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૯/૨૦૧૩, તા. ૨૨/૧૧/૨૦૧૩ | |
| ગુનો (કલમ) :: | આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ–૩, ૭ મુજબ | |
| ફરિયાદી :: | સરકારશ્રી | |
| ફરિયાદપક્ષે રજૂઆત :: | **વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ** | |
| વિરુદ્ધ | | |
| આરોપી :: | ૧. મેવાલાલ ગોજીલાલ ખટીક<br>ઉ.વ.આ.૩૬, વ્યવસાય–મજુરી<br>રહે.હરીનગર–૨, શાકભાજી માર્કેટની બાજુમાં, ભેરૂલાલના મકાનમાં, ઉધના, સુરત<br>૨. રાકેશભાઈ ભેરૂલાલ જૈન (એબેટ)<br>ઉ.વ.આ.૨૮, વ્યવસાય–વેપાર<br>રહે.તિવારી પ્લોટ નં.૨, જુના પેટ્રોલ પંપ પાછળ, ઉધના ગામ, સુરત | |
| આરોપીપક્ષે રજૂઆત :: | **આરોપી તરફે વિ.વ.શ્રી જી. સી. પરમાર** | |

FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :: | ૨૨/૧૨/૨૦૧૨ |
| એફ.આઈ.આર. તારીખ :: | ૨૨/૧૨/૨૦૧૨ |
| દાખલ તારીખ :: | **૧૯/૦૭/૨૦૧૪** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ :: | ૨૩/૦૯/૨૦૨૩ |

| | | | |
|---|---|---|---|
| પુરાવો ચાલુ થયા તારીખ :: | ૨૩/૦૯/૨૦૨૩ | | |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ :: | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| જજમેન્ટની તારીખ :: | **૧૮/૦૭/૨૦૨૬** | | |
| સજા હુકમની તારીખ<br>(જો લાગુ પડે તો) :: | — | | |
| સમયગાળો :: | વર્ષ | માસ | દિવસ |
| | **૧૧** | **૧૧** | **૩૦** |

**:: આરોપીની વિગત ::**

| આ. નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી. સી.ની કલમ ૪૨૮ મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મેવાલાલ ગોજીલાલ ખટીક | ૨૩/૧૨ /૨૦૧૨ | ૨૩/૧૨ /૨૦૧૨ | આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ-૩, ૭ મુજબ | નિર્દોષ | — | — |
| ૨. | રાકેશભાઈ ભેરૂલાલ જૈન (એબેટ) | ૨૩/૧૨ /૨૦૧૨ | ૨૩/૧૨ /૨૦૧૨ | | નિર્દોષ | — | — |

FORM-C

**ફરિયાદ પક્ષ તથા બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::**
**(એ) ફરિયાદપક્ષના સાહેદો ::-**

| **અ.નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચસાહેદ જેન્તીભાઈ નટવરભાઈ પટેલ |
| ૨. | ૧૨ | સાહેદ મહાદેવભાઈ કિશન રાવ |
| ૩. | ૧૬ | સાહેદ અનિલભાઈ આત્મરામભાઈ પાટીલ |
| ૪. | ૧૮ | ફરિયાદી બહાદુરભાઈ પોસલાભાઈ ચૌધરી |
| ૫. | ૨૩ | સાહેદ રમણભાઈ ભુરજીભાઈ ગામીત |
| ૬. | ૨૫ | સાહેદ ચંપકસિંહ જસવંતસિંહ પુવાર |
| ૭. | ૨૬ | ત.ક.અ. નિલેશકુમાર હરીકૃષ્ણ બ્રહ્મભટ્ટ |

**ફરિયાદ પક્ષ તથા બચાવપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::**

**(એ) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ::-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૨. | ૧૯ | ફરિયાદ |

## –:: જજમેન્ટ ::–

**૧.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૧૨/૨૦૧૨ ના રોજ ભરૂચ થી સુરત તરફ ને.હા.નં.૮ ઉપર આંબોલી ગામ પાસે તેમના કબજાનો ટાટા ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨, કિંમત રૂ.૧,૫૦,૦૦૦/– માં ૧૦ પતરાના બેરેલોમાં ૨૦૦૦ લિટર ભુરૂ કેરોસીન કિંમત રૂ.૭૦,૦૦૦/– નું તથા ખાલી ૦૫ બેરલ કિંમત રૂ.૧૦૦૦/– તથા અંગજડતીનાં રોકડા રૂ.૪૬૨૦/– તથા મોબાઈલ ફોન નંગ ૦૨ કિંમત રૂ.૧૦૦૦/– મળી કુલ કિંમત રૂ.૨,૨૬,૬૨૦/– નો મુદ્દામાલ બિનધિકૃત ભુરૂ કેરોસીન ગેરકાયદેસર પાસ પરમીટ વગર લઈ જઈ તથા આરોપી નં.૦૩ નાએ ગેરકાયદેસર જથ્થો પુરો પાડી તથા આરોપી નં.૦૪ નાએ જથ્થો મંગાવી હાજર ન મળી આવી, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં મુદ્દામાલ બિનધિકૃત ભુરૂ કેરોસીન હોવાનું જાણતા હોવા છતા કલેકટરશ્રી, સુરતના લાયસનસ વિના અને આવશ્યક ચીજવસ્તુ ધારાના પરવાના વિના ગેરકાયદેસર રીતે મેળવી પોતાના કબ્જામાં રાખી પકડાઈ જઈ આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩, ૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**૨.** ફરીયાદીની ફરીયાદનાં આધારે કામરેજ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૩૧૯/૨૦૧૩ થી ગુનો નોંધી તપાસનીસ અધિકારીશ્રી દ્વારા ગુનાની તપાસ કરી લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી જરૂરી પંચનામાઓ કરી તપાસનાં અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી થવા સારુ અદાલતમાં રજુ કરેલ છે.

**3.** સદરહુ કામના આરોપી નં.૦૨ મરણ ગયેલ હોય આંક–૦૩ થી રજુ મરણનું પ્રમાણપત્ર ધ્યાને લઇ તેઓને સદર કામે એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપી નં.૧ નાઓ જામીન મુકત થયેલ હોય તેઓને ઈસ્યુ કરવામાં આવેલ સમન્સની ધોરણસર બજવણી થતા આરોપી નં.૧ નાઓ પોતાના વકીલશ્રી સહિત હાજર થતા,

મારા વિ.પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી દ્વારા આરોપી નં.૧ નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડેલ છે. ત્યારબાદ ફોજદારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપી નં.૧ નાઓ વિરૂધ્ધ આંક–૦૮ થી ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવી સદર તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી આંક–૦૯ થી આરોપી નં.૦૧ નો જવાબ નોંધતા આરોપી નં.૧ નાઓએ તેઓની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી કરવા જણાવેલ હોય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૨ મુજબ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

**૪.** ફરીયાદપક્ષ તરફે નમુનો "સી" મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

### સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન ::

**૫.** સદરહુ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનં.૧ નાઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી નં.૧ નાઓએ ફરીયાદપક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ લીધો છે.

### સી.આર.પી.સી. ની કલમ–૩૧૪ મુજબ પક્ષકારોની દલીલો:

**૬.** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ નાઓએ ફરિયાદપક્ષના પુરાવાથી આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલાનું જણાવી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે. આરોપી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

### સી.આર.પી.સી.ની કલમ ૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટસ ફોર ડીટરમીનેશન ::

**૭.** ફરીયાદપક્ષનાં કેસની હકીકતો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**:: મુદ્દા ::**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૧૨/૨૦૧૨ ના રોજ ભરૂચ થી સુરત તરફ ને.હા.નં.૮ ઉપર આંબોલી ગામ પાસે તેમના કબજાનો ટાટા ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨, કિંમત રૂ.૧,૫૦,૦૦૦/- માં ૧૦ પતરાના બેરેલોમાં ૨૦૦૦ લિટર ભુરૂ કેરોસીન કિંમત રૂ.૭૦,૦૦૦/- નું તથા ખાલી ૦૫ બેરલ કિંમત રૂ.૧૦૦૦/- તથા અંગજડતીનાં રોકડા રૂ.૪૬૨૦/- તથા મોબાઈલ ફોન નંગ ૦૨ કિંમત રૂ.૧૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૨,૨૬,૬૨૦/- નો મુદ્દામાલ બિનધિકૃત ભુરૂ કેરોસીન ગેરકાયદેસર પાસ પરમીટ વગર લઈ જઈ તથા આરોપી નં.૦૩ નાએ ગેરકાયદેસર જથ્થો પુરો પાડી તથા આરોપી નં.૦૪ નાએ જથ્થો મંગાવી હાજર ન મળી આવી, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં મુદ્દામાલ બિનધિકૃત ભુરૂ કેરોસીન હોવાનું જાણતા હોવા છતા કલેકટરશ્રી, સુરતના લાયસનસ વિના અને આવશ્યક ચીજવસ્તુ ધારાના પરવાના વિના ગેરકાયદેસર રીતે મેળવી પોતાના કબ્જામાં રાખી પકડાઈ જઈ આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારાની કલમ-૩, ૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

૮. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયના તારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ અને ૨ ::**

સદરહુ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**૧૦.** ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિ મુજબ આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજૂ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની થાય છે.

આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખામીનો લાભ બચાવપક્ષને મળે છે અને તેવા સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**૧૦.૧** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ જોઈએ તો, ફરીયાદપક્ષ તરફે આંક-૧૮ થી તપાસેલ ફરિયાદી બહાદુરભાઈ પોસલાભાઈ ચૌધરી નાઓએ તેમની જુબાનીમાં ફરિયાદ માં તેઓની સહી ઓળખી બતાવી જણાવેલ છે કે, સને.૨૦૧૨ માં તેઓ આર.આર.સેલ સુરત વિભાગ, સુરતમાં પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ તથા આર.આર.સેલના હે.કો. મહાદેવ કીશન રાવ, હે.કો. હિંમત નારણભાઈ, પો.કો. અનિલ આત્મારામ, પો.કો. દિપક બાબુસીંહનાઓ સાથે કામરેજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન હે.કો. મહાદેવ કીશન રાવનાઓને બાતમી મળેલ કે, એક ટાટા ૪૦૭ ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨ અમદાવાદથી સુરત તરફ આવી રહેલ છે, જેમાં ગેરકાયદેસર ભુરુ કેરોસીન ભરેલ છે, જે આધારે તેઓ તથા સ્ટાફના માણસો તેમજ બે પંચોના માણસો સાથે આંબોલી એસ્સાર પેટ્રોલ પંપની સામે હાઈ-વે નં.૮ ઉપર વોચમાં રહેલ તે દરમિયાન અમદાવાદથી સુરત તરફ સદર બાતમીવાળો ટેમ્પો આવતા તેઓએ તથા સ્ટાફે રોડ ઉપર ટ્રાફીક રોકી સદર ટેમ્પોને પકડી યોગ્ય રીતે રોડ પરથી સાઈડ પર લઈ સદર ટેમ્પોમાં બે ઈસમો હાજર છે એક ડ્રાઈવર સીટ પર અને એક ડ્રાઈવરની બાજુમાં અને ડ્રાઈવરનુ નામ ઠામ પુછતાં મેવાલાલ ખટીક તથા બાજુમાં બેસેલ રાકેશ લાલ જેન તેઓને સાથે રાખી, ટેમ્પોની અંદર જોતાં કુલે ૧૫ નંગ પ્લાસ્ટીકના ૨૦૦ લીટરનુ બેરેલ છે જેમાં ૧૦ બેરેલમાં ભુરુ પ્રવાહી ભરેલ છે, જે પ્રવાહી સાથેના પંચો તથા તેઓએ ખાતરી કરતા ભુરુ કેરોસીન હોવાનુ જણાયેલ, જે કેરોસીન લાવવા બાબતે પકડાયેલ આરોપીઓ પાસેથી પાસ પરમિટ માંગતા કે બીલ માંગતા તે નહી હોવાનુ જણાયેલ, તપાસના કામે ભુરુ કેરોસીન ભરેલ બેરલો તથા ખાલી બેરલો તેમજ ટેમ્પો તથા બંને આરોપીઓ પાસેથી અંગઝડતીના

રોકડા રુપીયા તથા બંને આરોપીઓના બે મોબાઈલ પંચો રૂબરૂ તપાસ અર્થે કબજે કરેલ, આ કામે બરોડાથી કેરોસીન ભરાવનાર રામો ખટ્ટીક તથા કેરોસીન લેનાર ભેરુલાલ ખટ્ટીકનાઓને વોન્ટેડ જાહેર કરી આ કામે તેઓએ વિગતવારનુ બે પંચો રૂબરૂ પંચનામુ લખી લઈ કામરેજ પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૧૦/૨૦૧૨, આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ ૩, ૭, મુજબ સુચિપત્ર સાથે ગુનો રજીસ્ટ્રર્ડ કરાવી આગળની તપાસ માટે મુદ્દામાલ તથા પકડાયેલ આરોપી કામરેજ પો.સ્ટે. ખાતે સોપી આપેલ. આરોપીઓને તેઓ ઓળખે છે. ભુરુ પ્રવાહી ભરેલ બેરલમાંથી થોડુ-થોડુ કરી એક બાટલીમાં સેમ્પલ સારુ ભરી લઈ, પો.સ.ઈ. આર.આર.સેલનો તેઓની રૂબરૂ તથા પંચોની સહીવાળી કાપલી બાંધી તપાસ અર્થે કબજે લીધેલ. ફરીયાદી ફરીયાદની વિગતો જણાવી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવતા હોય ફરીયાદીની જુબાનીમાં ફરીયાદની નકલને ટેન્ટેટીવ આંક-૧૯ આપવામાં આવેલ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ સરાકારી કે ખાનગી વાહનો મારફતે ગયેલા તેની વિગતો તથા વાહનની વિગત જણાવેલ નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, બાતમી મળ્યા બાદ કેટલા વાગ્યે બનાવવાળી જગ્યાએ પહોંચ્યા તેની વિગત પણ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં વાહનો તેમજ માણસોની અવર-જવર હોય છે. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, ત્યાંથી પંચો મળી રહે તેમ છે. ફરિયાદીએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની રૂબરૂમાં કોઈ આરોપીને અટક કરવામાં આવેલ નથી, પરંતુ બિનવારસી ટેમ્પો મળી આવેલો. ફરિયાદીએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ વિરુદ્ધ ખોટી ફરીયાદ આપેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપેલ છે.

**૧૦.૨** ફરીયાદપક્ષ તરફે આંક-૧૦ થી તપાસેલ પંચસાહેદ જેન્તીભાઈ નટવરભાઈ પટેલ નાઓએ તેમની જુબાનીમાં મુદ્દામાલ રિકવરીના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ હોય મુદ્દામાલ રીકવરીના પંચનામાને આંક-૧૧ આપવામાં આવેલ છે. પંચસાહેદે જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તા.૨૨/૧૨/૨૦૧૨ નારોજ પોલીસે તેઓને કામરેજ પોલીસ સ્ટેશન બોલાવેલા અને તૈયાર લખેલા કાગળ ઉપર તેઓની સહી લીધેલી હતી, તે કાગળમાં શુ લખ્યુ હતુ તે તેઓએ વાચેલ ન હતું. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રી એ પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં

પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં પંચસાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. પંચસાહેદે સ્વીકારેલ છે કે, તેઓને પોલીસ સાથે ક્યાય જવાનું થયેલ નથી. પંચસાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઈ આરોપીને અટક કરેલ નથી કે તેની પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. પંચસાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ આરોપીને જોયેલ નથી. પંચસાહેદે એ હકિકત સ્વીકારેલ છે કે, પોલીસે પંચનામામાં સહીઓ લીધી ત્યારે બીજા કોઈ પંચો પણ હાજર હતા નહી.

**૧૦.૩** ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી તપાસેલ સાહેદ મહાદેવભાઈ કિશનભાઈ રાવ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૧૨/૨૦૧૨ નારોજ આર.આર.સેલ સુરત વિભાગમાં ફરજ બજાવતા હતા, ત્યારે પી.એસ.આઈ. બી.પી.ચૌધરી સાહેબ તથા તેઓ તથા હે.કો. અનિલ આત્મારામ, હિંમત નારણ, દિપક બાબુસીંહ, સાથે ખાનગી તથા સરકારી વાહનમાં કામરેજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા, દરમિયાન ફરતા ફરતા કામરેજ ચાર રસ્તા પાસે આવતા ત્યા આગળ તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, એક ટાટા ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨ માં ગેરકાયદેસર કેરોસીન ભરી વડોદરાથી સુરત તરફ જનાર છે, તેવી બાતમી મળતા નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી ઉપરની હકીકતથી વાકેફ કરી સરકારી તથા ખાનગી વાહનમાં બેસી આંબોલી એસ્સાર પેટ્રોલપંપ સામે અમદાવાદથી મુંબઈ જતા રોડ ઉપર વોચમાં હતા, દરમિયાન ઉપરનો નંબરવાળો ટેમ્પો આવતા તેને રોકી સાઈડ પર લઈ ટેમ્પામાં જોતા બે ઈસમ બેસેલ, જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ મેવાલાલ ગોપીલાલ ખટીક, રહે. હરીનગર–૨, ઉધના, સુરત તથા બીજાનુ નામ પુછતા રાકેશભાઈ પીરુલાલ જૈન, રહે. ઉધનાગામ, સુરત શહેરનો હોવાનુ જણાવેલ. સદર ટેમ્પાની પાછળની બોડીમાં જોતા ૧૫ બેરેલમાંથી ૧૦ બેરેલમાં પ્રવાહી ભરેલ છે, જે પ્રવાહી પંચોથી સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાંથી ભુરા કેરોસીનની વાસ આવે છે. સદર આરોપી પાસે આ કેરોસીનનો જથ્થો હેરાફેરી કરવા માટે પાસ પરમિટ માંગતા નહી હોવાનુ જણાવતા સદર ૧૦ બેરેલમાં ૨૦૦ લીટર પ્રમાણે ૨૦૦૦ લીટર, જે એક લીટરની કીંમત રૂ.૩૫/– લેખે ગણતા કિંમત રૂ.૭૦,૦૦૦/– ટેમ્પાની કીંમત રૂ.૧,૫૦,૦૦૦/– પાંચ ખાલી બેરેલની કીમત રૂ.૧૦૦૦/– બે આરોપીના બે ફોનની કીંમત રૂ.૧૦૦૦/– બંને આરોપી પાસેથી અંગઝડતીના રોકડા રૂ.૪,૬૨૦/– કુલ મુદ્દામાલ કીંમત

રૂ.૨,૨૬,૬૨૦/– નો મુદ્દામાલ જપ્ત કરેલ. સદર બેરેલમાંથી થોડુ થોડુ કેરોસીન કાઢી એક લીટરની બોટલમાં ભરી તેના ઉપર પંચોની સહી વાળી કાપલી બાંધી પો.સ.ઈ. આર.આર.સેલના સિક્કાથી સીલ કરી નમુનાની બાટલી કબજે કરેલ. સદર બંને આરોપીને આ કેરોસીનનો જથ્થો ક્યાંથી લાવેલા અને ક્યા લઈ જતા હતા તે બાબતે પુછતા તેમણે જણાવેલ કે, વડોદરાના રામુ ખટીક પાસેથી લાવેલા અને સુરત શહેર હરીનગરમાં રહેતા ભેરુલાલને આપવાનો હતો, આથી આ બંને આરોપીને વોન્ટેડ જાહેર કરેલ. મજકુર તહોમતદાર એકબીજાની મદદગારીથી પાસ પરમીટ વગર અનેકેરોસીનના જથ્થા સાથે પકડાય ગયેલ હોય પો.સ.ઈ. બી.પી.ચૌધરીનાઓએ ફરીયાદ આપેલી. બનાવના સંદર્ભમાં તેઓનું નિવેદન લીધેલું. આરોપીઓને તેઓ જોએથી ઓળખી શકે. આરોપીઓ પૈકી એક આરોપી હાજર છે, જેનું નામ તેઓને યાદ નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ બનાવની બાતમી તેઓને મળેલી. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આ બાતમી તેઓને તેમના ફોન ઉપર મળેલી. બાતમી કેટલા વાગ્યે મળેલી તે તેઓને ચોક્કસ યાદ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, બાતમી મળ્યા બાદ કેટલા વાગ્યે ગુનાવાળી જગ્યાએ પહોંચેલા તે તેઓના નીવેદનમાં લખાવેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, સરકારી તેમજ ખાનગી વાહનોના નંબરો તેઓના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને વાહનોની અવરજવર હોય છે. પંચોને બોલાવવા અનિલ આત્મારામ ગયેલા. સાહેદે સ્વીકારેલ છે કે, વસ્તીવાળો વિસ્તાર હોય પંચો ત્યાથી મળી રહે. સાહેદે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**૧૦.૪** ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ થી તપાસેલ સાહેદ અનિલભાઈ આત્મારામ પાટીલ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને. ૨૦૧૨ મા આર.આર.સેલ સુરત ખાતે પોલીસ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતો હતો, તે દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૧૨ ના રોજ પી.એસ.આઇ બી.પી.ચૌધરી તથા હેડ કોન્સટેબલ મહાદેવભાઈ કીશનભાઈ તથા હેડ કોન્સટેબલ હિમંતસિંહ નારંગભાઈ તથા પો.કો દિપકસિંહ બાપુસિંહ નાઓ સાથે રેન્જ સાહેબ, સુરત વિભાગ, સુરત નાઓની સુચનાથી કામરેજ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રેલીંગમા નિકળેલ, તે વખતે કામરેજ ઓવરબ્રીજ નીચે આવતા સાથેના હેડ કોન્સટેબલ મહાદેવ કિશનભાઈ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, ભરુચ તરફથી એક ટાટા ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨ મા તેનો ચાલક તથા તેની સાથે એક ઇસમ ટેમ્પામા

કેરોસીનનો જથ્થો ભરીને આવે છે, જે મળેલ બાતમીની સાથેના પોલીસ સબ ઇન્સપેકટર તથા પોલીસ માણસોને જાણ કરતા સાથેના પો.સ.ઈ સાહેબે બે પંચોના માણસો બોલાવી તેઓને પંચમા રહેવા સમજ કરતા તેઓએ સ્વખુશી બતાવતા પંચોને સાથે રાખી ખાનગી તથા સરકારી વાહનમાં આંબોલી ગામ એસ્સાર પેટ્રોલપંપની સામે અમદાવાદ થી મુંબઈ તરફ જતા ને.હા.નં.૮ ઉપર મળેલ બાતમી હકીકત વાળા ટેમ્પોની વોચમા રહેલ, તે વખતે મળેલ બાતમી હકીકત વાળો ટેમ્પો ભરૂચ તરફથી આવતા તેને રોકી તેના ચાલક તથા તેની સાથેના એક ઈસમને સાથેના પો.સ.ઈ સાહેબે પોલીસ તથા પંચોનો પરીચય આપી ટેમ્પો ચાલક તથા તેની સાથેના ઈસમને સાથે રાખી ટેમ્પાના પાછળના બોડીના ભાગે ચેક કરતા એક ઓઈલથી ખરડાયેલ તાલપતરી નીચે કાઈક ઢાકેલ હોય, જે તાલપતરી પંચો રૂબરૂ ખસેડી જોતા પંદર બેરલ મળી આવેલ, જેમા ૧૦ બેરલમા ભુરા કલરનુ કેરસીન ભરેલ હતુ અને પાંચ બેરલ ખાલી હતા, જે એક બેરલમા ૨૦૦ લીટર લેખે ૧૦ બેરલમાં ૨૦૦૦ લીટર કેરોસીન ભરેલ મળી આવેલ, જે કેરોસીનનો જથ્થો વાહતુક કરવા અંગે પકડાયેલ ઈસમો પાસેથી કેરોસીનનુ બીલ તથા આધાર પુરાવો માંગતા તેઓએ તેમની પાસે કોઈ આધાર પુરાવા ન હોવાનુ જણાવતા ટેમ્પો ચાલકનુ સાથેના પો.ઇ.નાઓએ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે તેનુ નામ મેવાલાલ ખટીક, રહે.ઉધના, હરીનગર તથા તેની સાથેના ઈસમે તેનુ નામ રાકેશભાઈ જૈન, રહે.ઉધના ના હોવાનું જણાવેલ, જેથી મળી આવેલ કેરોસીનના જથ્થામાંથી એક પ્લાસ્ટીકની બોટલમા આશરે એક લીટર કરોસીન સેમ્પલ માટે કાઢી લઇ એક લીટરની કિંમત રૂ.૩૫/- લેખે ૨૦૦૦ લીટરની કિમંત રૂ.૭૦,૦૦૦/- ગણી તથા ટેમ્પાની કિંમત રૂ.૧,૫૦,૦૦૦/- ગણી તથા પંચો રૂબરૂ પકડાયેલ ઈસમોની અંગજડતી કરતા તેમની પાસેથી બે મોબાઈલ ફોનની કિંમત રૂ.૧,૦૦૦/- તથા રોકડા રૂ.૪,૬૨૦/- મળી કુલ્લે રૂ.૨,૨૬,૬૨૦/- ના મુદ્દામાલ સાથે પો.સ.ઇ નાઓએ વિગતવારનુ પંચનામુ કરી કબ્જે કરેલ અને પકડાયેલ ઈસમોને તેમના કબ્જામાંથી મળી આવેલ કરોસીનનો જથ્થો ક્યાથી અને કોની પાસેથી લાવેલ અને કોને આપવાનો હતો તે બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, "રામુભાઇ ખટીક, રહે.વડોદરા નાઓ પાસેથી લાવેલ અને ભેરૂલાલ ખટીક, રહે.ઉધના, હરીનગર નાઓને આપવાનુ હોવાની હકીકત જણાવતા તેઓને સાથેના પો.સ.ઇ નાઓને વોન્ટેડ જાહેર કરેલ અને પો.સ.ઈ બી.પી. ચૌધરી નાઓએ આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ-૩,૭ મુજબની તેમના રૂબરૂની ફરીયાદ લખી લઇ કામરેજ પો.સ્ટે.મા ગુનો રજી.કરાવવા લેખીત રીર્પોટ સાથે ફરીયાદ, પંચનામુ તથા કબ્જે કરેલ મુદ્દામાલ તથા પકડાયેલ આરોપીઓને સોપેલ હતા. ફરીયાદના સંર્દભમા તેઓનું નિવેદન લીધેલ. બનાવનો લાંબો સમય થયેલ હોય તેઓ આરોપીને ઓળખી શકે નહી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બનાવની તેઓને કોઇ બાતમી મળેલ નહી. સાહેદે સ્વીકારેલ છે કે, તેઓ બાતમીવાળી જગ્યાએ જવા માટે કેટલા વાગે નિકળેલા અને કેટલા વાગે ત્યા પહોચેલા તે હકીકત લખાવેલ નથી. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના જવાબમાં વાહનની વિગત લખાવેલ નથી. સાહેદે એ હકિકત સ્વીકારેલ છે કે, વાહન નંબર લખાવેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા વસ્તી વાળો વિસ્તાર છે. સાહેદે સ્વીકારેલ છે કે, તે જગ્યા વસ્તીવાળો વિસ્તાર હોવાથી ત્યાથી પણ પંચો મળી રહે. આ કામના જે તે સમયના પંચોના નામ હાલમાં યાદ નથી. પંચોને સાહેબે બોલાવેલા. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આ કામના પંચો કોર્ટમા કાયમી પંચો તરીકે આવે છે. સાહેદે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**૧૦.૫** ફરીયાદપક્ષ તરફે આંક-૨૩ થી તપાસેલ સાહેદ રમણભાઈ ભુલજીભાઈ ગામીત નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને. ૨૦૧૦ ની સાલમાં તેઓ એ.એસ.આઈ. તરીકે કામરેજ પો.સ્ટે. મા ફરજ બજાવતા હતા, તે સમય દરમિયાન તા.૨૨/૧૨/૨૦૧૨ ના રોજ સુરત રેન્જના આર.આર.સેલ ના પો.સ.ઈ.શ્રી બી.પી.ચૌધરી ના રૂબરૂની આવશ્યક ચીઝવસ્તુ ધારાની કલમ-૩,૭ મુજબની લેખિતમા ફરિયાદ આવતા આરોપી રાજુભાઈ, મેવાલાલ નાઓની વિરુદ્ધમા લેખિત ફરિયાદ આવતા કામરેજ સેકન્ડ ગુના રજી.નં.૩૧૦/૨૦૧૨ થી ગુનો રજીસ્ટર કરી સી.આર.પી.સી. ૧૫૭ નો જાહેર રીપોર્ટ કરી આગળની તપાસ આર.આર.સેલના પી.આઇ. શ્રીબ્રહમભટ્ટ સાહેબનાઓને ડેપ્યુટ કરેલ. બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ફરિયાદ લીધા સિવાય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**૧૦.૬** ફરીયાદપક્ષ તરફે આંક-૨૫ થી તપાસેલ ત.ક.અધિ. સી.જે.પુવારે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૧૩ ની સાલમા તેઓ કામરેજ પોલીસ સ્ટેશનમા એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. કામરેજ પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૧૯/૨૦૧૩, આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩, ૭ મુજબના ગુનાની તપાસ પી.એસ.આઈ એસ.વી.ધાંધલ કરતા હોઈ તેઓ રજા ઉપર જવાના હોવાથી આ કામની તપાસ તેઓને સોપવામા આવેલ હતી તે આગાવ સંપુર્ણ તપાસ એસ.વી.ધાંધલ તથા એન.એચ.બ્રહ્મભટ્ટનાઓએ પુર્ણ કરેલ હતી. ત્યારબાદ આ કામે પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા પડતા હોવાથી તેઓએ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલી હતી. તેઓ આરોપીને

ઓળખે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યા તેઓએ જોઈ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે. બનાવવાળી જગ્યા નેશનલ હાઈવે વિસ્તાર છે. સાહેદે સ્વીકારેલ છે કે, સ્વતંત્ર સાહેદના નિવેદન આ કામે લીધેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, ચાર્જશીટમા દર્શાવેલ સાહેદો પોલીસ કર્મચારી છે. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ સામે પુરાવા ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે. સાહેદે એ હકિકત સ્વીકારેલ છે કે, આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૩, ૭ ના પુરાવા તેઓએ મેળવેલ નથી.

**૧૦.૭** ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી તથા આંક–૨૬ થી તપાસેલ ત.ક.અ. નિલેશકુમાર હરીકૃષ્ણ બ્રહ્મભટ્ટ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૧૨ મા તેઓ કામરેજ પોલીસ સ્ટેશનમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૨/૧૨/૨૦૧૨ ના રોજ આ કામના ફરીયાદી પી.એસ.આઈ.શ્રી ચૌધરીનાઓ પોતાના સ્ટાફ સાથે પેટ્રોલીંગમા હતા, દરમિયાન એક ટેમ્પો ૪૦૭ ભરુચથી અમદાવાદ તરફ કેમીકલ લઈને પસાર થાય છે તે બાતમી હકીકત મળતા તેઓએ તેમના આર.આર.સેલના સ્ટાફના માણસો તથા પંચો સાથે રાખી સદર ટેમ્પો આંબોલી ગામ એસ.આર પેટ્રોલપંપની સામે રોકતા ટેમ્પામાથી આરોપીઓ રાકેશ પીરુલાલ જૈન તથા મેવાલાલ ગોપીલાલ ખટીકને રોકતા તેઓના કબજાના ટાટા ૪૦૭ ટેમ્પામાથી ૧૦ બેરલ કેરોસીન વગર પાસ પરમીટે મળી આવતા બંને આરોપીને ગુનાના કામે અટક કરી તેઓ પાસેથી ટાટા ૪૦૭ ટેમ્પો ૧૦ બેરલ કેરોસીન (લીટર ૨૦૦૦) તથા મોબાઈલ નંગ ૨ તથા આશરે રોકડ રૂ.૪૦૦૦/– તથા ખાલી બેરલ નંગ ૫ બંને આરોપીઓ પાસેથી કબજે કરી તેઓ વિરુધ્ધ કરી આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૩, ૭ મુજબ ગુનો પી.એસ.ઓ.ને દાખલ કરવા આપતા પી.એસ.ઓ. એ આગળની તપાસ તેઓને સોપેલ. આ ગુનાની તપાસ તેઓએ સંભાળી જરૂરી સાહેદોના નીવેદનો લિધેલ તથા આ કામના વોન્ટેડ આરોપી રાજુભાઈ ખટીક તથા ભેરુલાલ ખટીકની પકડાયેલા આરોપીના રીમાંડ દરમીયાન તપાસ તજવીજ કરેલ. બાદ ઉપરોકત વોન્ટેડ આરોપીની તપાસ કરતા તેઓની તપાસ દરમીયાન તેઓ વિરુધ્ધ કોઈ ફળદાયક હકીકત ન મળતા ઉપરોકત વોન્ટેડ આરોપીઓ પકડી શકાયેલ નહી. બાદ તેઓની બદલી માંગરોળ ખાતે થતા ગુનાની તપાસ એ.એસ.આઈ.શ્રી એસ.વી.ધાંધલને સોપેલ. તેઓએ આ ગુનાના કામે કોઈ તપાસ કરેલ નથી. ત્યારબાદ એ.એસ.આઈ.શ્રી ધાંધલ

નાઓએ એ.એસ.આઈ.શ્રી સી.જે.પુવાર નાઓને સદર ગુનાની તપાસ સોપેલ. તેઓએ ઉપરોક્ત પકડાયેલ બંને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય ગુનાના કામે ચર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામુ પોલીસ સ્ટેશનમા બેસીને લખેલ. સાહેદે એ હકિકત સ્વીકારેલ છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળેલ ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**પુરાવાનું મુલ્યાંકન ::**

**૧૧.** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતાની હકિકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે સંભાવિતતા દર્શાવવામાં આવી છે, તેવી સંભાવિતતા ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર ખસતો નથી, પરંતુ ફરીયાદપક્ષે આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનું હોય છે. ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઈ શંકાનો લાભ લેવા માંગતો હોય તો તેણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબની સંભવિતતા દર્શાવવી પડે. આરોપીએ અપવાદ માટેની હકિકતો શંકાથી પર સાબિત કરવાની હોતી નથી. આમ, ફરીયાદપક્ષે જયારે આરોપી સામેના આક્ષેપાયેલ ગુનો સાબિત કરવાનો હોય, ત્યારે ફરીયાદપક્ષના મહત્વના સાહેદો ધ્વારા ફરીયાદની હકિકતોને સમર્થન મળવું આવશ્યક હોય છે. ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે.

**૧૨.** સદરહુ કામે ફરીયાદપક્ષ દવારા પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૨ (બે) દસ્તાવેજી પુરાવા તેમજ કુલ ૦૭ (સાંત) સાહેદોનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે, જે પૈકી એક પંચ સાહેદ છે જયારે બે તપાસનીશ અધિકારીઓ અને ફરીયાદી સહીતના કુલ છ સાહેદો પોલીસ સાહેદો છે. ફરીયાદપક્ષના પુરાવાનું અવલોકન તથા મુલ્યાંકન કરતા જણાય છે કે, હાલના કામે પંચસાહેદ જેન્તીભાઈ નટવરભાઈ પટેલ તથા ફરિયાદી

બહાદુરભાઈ પોસલાભાઈ ચૌધરી તથા સાહેદ અનિલભાઈ આત્મરામભાઈ પાટીલ તથા સાહેદ મહાદેવભાઈ કિશનરાવ તથા સાહેદ રમણભાઈ ભુરજીભાઈ ગામીત તથા ત.ક.અ. ચંપકસિંહ જસવંતસિંહ પુવાર તથા ત.ક.અ. નિલેશકુમાર હરીકૃષ્ણ બ્રહ્મભટ્ટ નાઓમાં થી પંચસાહેદ જેન્તીભાઈ નટવરભાઈ પટેલ સિવાયના તમામ સાહેદો પોલીસ સાહેદો છે.

**૧૩.** હાલના કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી દવારા આંક–૧૯ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. આંક–૧૯ વાળી ફરીયાદ રજુ કરનાર ફરીયાદીના પુરાવા મુજબ આર.આર.સેલ સુરત વિભાગ, સુરત દવારા તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ હે.કો. મહાદેવ કીશન રાવ, હે.કો. હિંમત નારણભાઈ, પો.કો. અનિલ આત્મારામ, પો.કો. દિપક બાબુસીંહ નાઓ કામરેજ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન આંબોલી એસ્સાર પેટ્રોલ પંપની સામે હાઈવે નં.૮ ઉપર ટાટા ૪૦૭ ટેમ્પો નં.જીજે.૧૮.યુ.૭૮૮૨ માં આરોપી મેવાલાલ ખટીક તથા રાકેશલાલ જૈન પાસ પરમિટ કે બીલ વીના ૧૦ બેરેલમાં ગેરકાયદેસર ભુરુ પ્રવાહી સાથે પકડાયેલ. પંચો તથા તેઓએ ખાતરી કરતા ભુરુ કેરોસીન હોવાનુ જણાયેલ, જે મુદ્દામાલ ભુરુ કેરોસીન પંચો રૂબરૂ પંચનામુ કરી કબ્જે કરવામાં આવેલ છે. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી સહિતના તમામ પોલીસ સાહેદોએ સામાન્ય વીરોધાભાષોને બાદ કરતા ફરીયાદની હકીકતોને અનુરૂપ પુરાવો આપેલ છે. આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, બનાવવાળો વીસ્તાર વસ્તીવાળો વીસ્તાર છે અને આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધવામાં આવેલ નથી.

**૧૪.** તપાસશનીશ અધીકારી સી.જે.પુવારના પુરાવા મુજબ તેઓએ માત્ર ચાર્જશીટ કરેલ છે. જયારે તપાસશનીશ અધીકારી નિલેશકુમાર હરીકૃષ્ણ બ્રહ્મભટ્ટ નાઓએ તેઓના પુરાવામાં હાલના કામે તેઓ દવારા કરવામાં આવેલ તપાસનો ચિતાર રજુ કરેલ છે. તપાસ દરમ્યાન તેઓએ પંચો રૂબરૂ પંચનામું તૈયાર કરી પંચો રૂબરૂ કબ્જે કરેલ મુદ્દામાલમાંથી મેળવેલ સેમ્પલ ગાંધીનગર, એફ.એસ.એલ. ખાતે તપાસમાં મોકલી આપેલ

અને આરોપીઓને અટક કરેલ હોવાનું તેઓ પુરાવામાં જણાવે છે. પોલીસ સાહેદોના પુરાવા મુજબ હાલના કામે અટક કરવામાં આવેલ બન્ને આરોપીઓ તેઓના કબ્જા વાળા ટાટા ટેમ્પો ૪૦૭ માં ગેરકાયદેસર રીતે મુદ્દામાલ ભુરૂ કેરોસીન વહન કરતા પકડાયેલ છે, પરંતું આ કામે તપાસચેલ પોલીસ સાહેદોની ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આરોપીઓ જે સ્થળેથી પકડાયેલ છે તે બનાવ સ્થળ આંબોલી એસ્સાર પેટ્રોલ પંપની સામે હાઈ–વે નં.૮ ઉપર આવેલ છે અને સાહેદોએ સ્વીકારેલ છે તે મુજબ બનાવવાળો વીસ્તાર વસ્તીવાળો વીસ્તાર છે, તેમ છતા આ કામે તપાસનીસ અધીકારી દવારા બનાવ સ્થળે હાજર કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધેલ નથી કે આ કામે બનાવ સ્થળે હાજર હોય તેવા કોઈ પણ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષના સાહેદોના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, પંચોને બોલાવવા સાહેદ આત્મારામ ગયેલ, પરંતું સાહેદ આત્મારામ પાટીલ ઉલટતપાસ ધ્યાને લેતા તેઓ પંચ સાહેદોના નામ જણાવી શકેલ નથી. તેમજ ત.ક.અધિ. દવારા મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેનો રીપોર્ટ પણ હાલના આ કામે રજુ કરવામાં આવેલ નથી.

**૧૫.** આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ હોય તો મામતલદારશ્રીએ તેનો અહેવાલ કલેકટરશ્રી, સુરતનાઓને મોકલી અને હોદ્દાની રૂએ ફરીયાદ આપવાની હોય છે. એસેન્સીયલ કોમોડીટી એકટની કલમ–૩ નો ભંગ થાય ત્યારે મુદ્દામાલ રીકવર કરવાનુ પંચનામુ કરવું જરૂરી છે, જે પંચનામું આ કામે કરવામા આવેલ છે પરંતુ આ કામે પંચ સાહેદના પુરાવાથી પંચનામાના કન્ટેન્શન પુરવાર થયેલ નથી, જેથી પંચસાહેદોની હાજરીમાં હાલના આરોપીઓને અટક કરવામાં આવેલ હોય કે કોઈ પંચોની રૂબરૂમાં મુદ્દામાલ ભુરૂ કેરોસીન કબ્જે કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. હાલના કામે કેસના નિર્ણય માટે મહત્વની પંચનામાની વિગતને સ્વતંત્ર સાહેદ એવા પંચસાહેદના પુરાવાથી કોઈ જ સમર્થન પ્રાપ્ત થયેલ નથી, તેથી આ કામે આરોપીઓને મુદ્દામાલ સહીત અટક કર્યા

અંગેના પંચનામાને સમર્થન મળતુ નથી ત્યારે પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી તેવું મારૂ તારણ થાય છે.

**૧૬.** હાલના કામના આરોપીઓ સામે આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ–૩, ૭ મુજબનું તહોમત છે, તે સંદર્ભમા કલમ–૭ મા તકસીરવાન ઠરાવવા માટે આવશ્યક ચીજવસ્તુધારાની કલમ–૩ મુજબના ઓર્ડરનો ભંગ થવો જોઈએ, તે સંદર્ભમા નામદાર સુપ્રીમ કોર્ટના **2004 AIR SCW 5334, Prakash Babu Raghuvanshi v. State of Madhya Pradesh** ચુકાદા ઉપર આધાર રાખવામા આવેલ છે, જેમા પણ ઠરાવવામાં આવેલ કે, કલમ–૭ મા તકસીરવાન ઠરાવવા માટે કલમ–૩ નો ઓર્ડર ભંગ થવો જોઈએ. જયારે હાલના કેસમા ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, સદર કલમ મુજબ કયા આદેશનો ભંગ કરવામા આવેલ છે તે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ફરીયાદ કે અન્ય કોઈ દસ્તાવેજથી ફલીત થતુ નથી અને જયારે આવો કોઈ ઓર્ડર કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ ન હોયતો આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી કેમ કે કલમ–૭ મા તકસીરવાન ઠરાવવા માટે કલમ–૩ મુજબનો ઓર્ડર હોવો ફરજયાત છે, જે આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ નથી.

**૧૭.** આવશ્યક ચીજવસ્તુ અધિનીયમની કલમ–૫ મુજબ હાલના ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા માટેની સતા છે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરવામા આવેલ નથી. નામદાર ઉચ્ચ અદાલતનો **પટેલ અમૃત સોમાભાઈ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૭(૩) જી.એલ.આર. ૨૬૬૮** ના ચુકાદા મુજબ સતા ધરાવતા ખાસ અધીકારી ચીજવસ્તુનું જાહેરનામુ બહાર પાડીને કોઈપણ વ્યકિત સામે ફરીયાદ કે કાર્યવાહી કરી શકે, પરંતુ હાલના કામે ફરીયાદપક્ષ તરફે આવુ કોઈ જાહેરનામુ રજુ કરવામાં આવેલ નથી. તેમજ હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતા આરોપી જેની પાસેથી આવું કહેવાતું પ્રવાહી ખરીદે છે અને કોને વેચાણ કરે છે તેવા કોઈ જ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ

નથી. તેમજ કહેવાતું પ્રવાહી કેરોસીન જ હોવા અંગે એફ.એસ.એલ. ની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને તેથી આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પ્રવાહી ભુરૂ કેરોસીન જ હોવાનું પુરવાર થતું નથી. તેમજ જે વાહનમાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે વાહન આરોપીની માલીકીનું હતુ તેવી કોઈ જ હકિકત પુરવાર થતી નથી. તેમજ સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતાં આવા કોઈ જ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, તેથી આ કામના આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે થયાનું સ્વતંત્ર સાહેદોના નિવેદનો પરથી પુરવાર થતું નથી. આમ, આરોપીઓ સામે આક્ષેપીત આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩ અને ૭ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

## –:: આખરી હુ ક મ ::–

| | |
|---|---|
| ૧. | સદરહુ કામના આરોપી મેવાલાલ ગોજીલાલ ખટીક, ઉ.વ.આ.૩૬, વ્યવસાય–મજુરી, રહે. હરીનગર–૨, શાકભાજી માર્કેટની બાજુમાં, ભેરૂલાલના મકાનમાં, ઉધના, સુરત નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૪૮(૧) અન્વયે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ–૩ અને ૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨. | આજરોજ આ કામના આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી, પરંતુ હાલના કેસમા આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય, તેથી ચુકાદો જાહેર કરવામાં વિલંબ ટાળવા સારૂ હાલનો ચુકાદો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે છે. |
| ૩. | હાલની એફ.આઈ.આર.ના કામે અન્ય આરોપીઓ વોન્ટેડ જાહેર કરેલ હોય તેઓ સામે અલગ ચાર્જશીટ કરવામાં આવેલ હોય મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ સબબ કોઈ હુકમ કરવામાં આવતો નથી. |

| | |
|---|---|
| ૪. | ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ના હેતુ માટે આરોપીના આ કામે અગાઉ રજુ રાખેલ જામીન અપીલ સમય સુધી કાયમ રાખવામાં આવે છે. |

હુકમ આજ તારીખ :: ૧૮ મી, માહે :: જુલાઈ, સને :: ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :: ૧૮/૦૭/૨૦૨૬ | વંદના લલીતચંદ્ર પરદેશી |
| સ્થળ :: કઠોર | એડી. ચીફ જ્યુડી. મેજી., કઠોર |
| | Code : GJ01013 |